


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 144
Dt.: 04-02-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### રાજ્યોમાં વીજળી ગ્રીડને નિશાન બનાવી

# યુક્રેન પર રશિયાનો વિનાશક હુમલોઃ ૪૫૦ ડ્રોન, ૭૦ મિસાઈલો ઝીંકતા ૧૧૦૦ બિલ્ડિંગોને અસર

## હુમલાના કારણે પાંચ રાજ્યોમાં અંધારપટ થવાની સાથે વિજળી અને પાણી ઠપ્પ થઈ ગયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રશિયા

અબુધાબીમાં શાંતિ ચર્ચા યોજાય તે પહેલા રશિયાએ યુક્રેન પર ભયાનક હુમલો કર્યો છે. રશિયાએ ૪૫૦ ડ્રોન અને ૭૦ મિસાઈલો ઝિંકતા યુક્રેનમાં મોટી તબાહી સર્જાઈ છે. હુમલાના કારણે પાંચ રાજ્યોમાં અંધારપટ થવાની સાથે વિજળી અને પાણી ઠપ્પ થઈ ગયા છે.

એટલું જ નહીં ૧૧૦૦ બિલ્ડિંગોને પણ અસર થઈ છે.

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડિમિર ઝેલેન્સ્કીએ આજે (૩ ફેબ્રુઆરી) કહ્યું છે કે, ‘રશિયાએ આખી રાત યુક્રેન પર મોટો હુમલો કર્યો છે. તેણે ૪૫૦ રેન્જના ડ્રોન અને ૭૦ મિસાઈલો ઝીંકી છે. રશિયાએ યુક્રેનના પાંચ રાજ્યોમાં વીજળી ગ્રીડને નિશાન બનાવી છે. રશિયા અમારા નાગરિકોને કડકડતી ઠંડીમાં વીજળી, પાણી અને હીટિંગ જેવી મહત્ત્વની સુવિધાઓથી વંચિત રાખવા માંગે છે. હુમલામાં ૧૦ લોકોને ઈજા થઈ છે. રશિયા વ્યૂહાત્મક રસ્તો અપનાવવાના બદલે લોકોને ડરાવવામાં વિશ્વાસ રાખે છે.’

ઝેલેન્સ્કીએ પોતાના સહયોગી દેશોને વધુમાં વધુ હથિયારો મોકલવાની અને રશિયા પર દબાણ વધારવાની અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતાથી બંને દેશો વચ્ચે સંયુક્ત આરબ અમીરાતના અબુધાબીમાં ટૂંક સમયમાં શાંતિ વાર્તા માટે બેઠક યોજાવાની છે, જોકે તે પહેલા રશિયાએ ભયાનક હુમલો કરતા બેઠક પર સંકટના વાદળો છવાઈ ગયા છે. બંને દેશો વચ્ચે છેલ્લા ચાર વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. ૨૪ ફેબ્રુઆરી-૨૦૨૨થી યુદ્ધ શરૂ થયા બાદ યુદ્ધવિરામ માટે રશિયા-યુક્રેન વચ્ચે અનેક બેઠકો યોજાઈ ચુકી છે, જોકે એકપણ બેઠકમાં હજુ સુધી તેનો નિવેડો આવ્યો નથી. અધિકારીઓએ રાજ્યની ઈમરજન્સી સેવાઓને ટાંકીને કહ્યું છે કે, રશિયાના હુમલામાં રાજધાની કીવમાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અનેક ઘરો, એક શાળા અને આગ લાગતા ગેસ સ્ટેશનને



નુકસાન થયું છે.યુક્રેનના સાંસ્કૃતિક મંત્રી ટેટિયાના બેરેજનાએ કહ્યું કે, ‘કીવમાં એક ઐતિહાસિક સંગ્રહાલયને પણ નુકસાન થયું છે. રશિયાએ ખારકીવ અને ઓડિસા જેવા વિસ્તારોને પણ નિશાન બનાવ્યા છે.

---

### NDA સાંસદોને સંબોધતા બોલ્યા PM મોદી

# અમેરિકા સાથે ટ્રેડ ડીલથી સારું વાતાવરણ બન્યું

## આ પ્રસંગે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, લોકો ટીકા કરી રહ્યા હતા પરંતુ આપણે ધીરજ રાખી અને તેનું સકારાત્મક પરિણામ આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ટેરિફ સોદાને લઈને સંસદ પરિસરમાં NDA સાંસદો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, લોકો ટીકા કરી રહ્યા હતા પરંતુ આપણે ધીરજ રાખી અને તેનું સકારાત્મક પરિણામ આવ્યું છે.



પીએમ મોદીએ NDA સંસદીય દળની બેઠકમાં કહ્યું કે, તમામ સાંસદો સદનમાં હાજર રહે, ચર્ચામાં ભાગ લે તે જરૂરી છે. બજેટની ઉપલબ્ધિઓ અંગે જનતા વચ્ચે જાઓ અને તેમને જણાવો. પીએમ મોદીએ કહ્યું કે, અમેરિકા સાથે ટ્રેડ ડીલ થતા વાતાવરણ સારુ બન્યું છે. હવે મેન્યૂફેક્ચરિંગ વધે તથા ક્વોલિટી પ્રોડક્ટ બને તેવા પ્રયાસો શરૂ કરવા જોઈએ.

બજેટની લોકજાગૃતિઃ બજેટની સિદ્ધિઓ લઈને જનતા વચ્ચે જાઓ અને તેમને તેની વિગતો જણાવો. આ બજેટ આગામી ૨૫ વર્ષને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. મેન્યુફેક્ચરિંગ પર ભારઃ અમેરિકી ટ્રેડ ડીલથી દેશમાં સારું વાતાવરણ બન્યું છે. હવે મેન્યુફેક્ચરિંગ વધારવું જોઈએ અને ક્વોલિટી પ્રોડક્ટ્સ બનાવવી જોઈએ.

કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું હતુ કે, મોદીના નેતૃત્વમાં ભારતે યુરોપિયન યુનિયન, યુએઈ, મોરિશિયસ, ઓસ્ટ્રેલિયા, યુકે, ન્યુઝીલેન્ડ અને અમેરિકા જેવા દેશો સાથે વેપાર કરાર કર્યા છે. આ કોઈ સામાન્ય સિદ્ધિ નથી; વિશ્વમાં ભારતનું કદ વધ્યું છે તેનું જ આ પરિણામ છે. માત્ર એક અઠવાડિયા પહેલા જ ભારત-યુરોપિયન યુનિયન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થયા અને હવે અમેરિકા સાથે પણ કરાર થયા છે. જેમાં ટેરિફમાં ઘટાડની જાહેરાતનો પણ સમાવેશ થાય છે. જેના કારણે સાંસદોમાં ભારે ઉત્સાહ હતો.

ટેરિફમાં ઘટાડોઃ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારતીય સામાન પરના ટેરિફ દરને તાત્કાલિક અસરથી ૨૫% થી ઘટાડીને ૧૮% કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે આ પગલાને પીએમ મોદી પ્રત્યેની મિત્રતા અને સન્માનનું પ્રતીક ગણાવ્યું છે.

રાજકીય સ્વીકૃતિઃ પીએમએ ટાંક્યું કે દેશભરમાં ૫૦% થી વધુ નાના પક્ષો હવે NDA સાથે જોડાઈ રહ્યા છે, જે આપણી રાજકીય વિચારધારાની સ્વીકૃતિ દર્શાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે, મેં કહ્યું હતું કે વર્લ્ડ ઓર્ડર બદલાઈ રહ્યો છે. કોવિડ પછી તે દેખાઈ રહ્યો છે અને આજે વર્લ્ડ ઓર્ડર ભારતની તરફેણમાં વળી રહ્યો છે. પીએમએ કેરળના રાજ્યસભા સાંસદ સદાનંદ માસ્ટરનો ઉલ્લેખ કર્યો કે, આ એક કાર્યકર્તાનું બલિદાન છે કે તેમનો પગ કાપી નાખવામાં આવ્યો. ઉપરાંત PM એ જણાવ્યું કે, આ બજેટ આગામી પચીસ વર્ષને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે, આ વિશે સાંસદો જાય અને જનતાને જણાવે.

પીએમએ રાજકીય પરિસ્થિતિઓનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, દેશભરમાં ઘણા એવા નાના-નાના પક્ષો છે જેઓ આપણી સાથે આવી રહ્યા છે. આ સંખ્યા પચાસ ટકાથી પણ વધુ છે. આ દર્શાવે છે કે, આપણી રાજકીય વિચારધારાની દેશ અને વિદેશમાં કેટલી સ્વીકૃતિ છે. પીએમએ કહ્યું કે, એક મોટી ટ્રેડ ડીલ થઈ છે. આ આપણી કૂટનીતિની એક મોટી જીત છે, અને તે દર્શાવે છે કે ધીરજનું ફળ હંમેશા મળે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પની લીડરશીપના પણ વખાણ કર્યાહતા. PM એ કહ્યું કે, આ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને ખુશહાલી માટે જરૂરી છે અને આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવી રાખવાના પ્રયાસો માટે ભારતના સમર્થનને દોહરાવ્યું. પોતાની તરફથી, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા ભારતીય સામાન પરના પોતાના પરસ્પર ટેરિફ દરોને તાત્કાલિક ૨૫ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી દેશે અને આ પગલાને પીએમ મોદી માટે મિત્રતા અને સન્માનનો સંકેત ગણાવ્યો હતો. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આ કરાર બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવશે અને કહ્યું કે બંને નેતાઓનો રિઝલ્ટ આપવાનો ટ્રેક રેકોર્ડ રહ્યો છે.

---

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કરી ટકોર

# વસતી ગણતરીમાં જ્ઞાતિના પૂરાવા આપવા પડશે?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકાર અને ભારતના રજિસ્ટ્રાર જનરલ તથા વસ્તીગણતરી કમિશનરને એ સૂચન પર વિચાર કરવા જણાવ્યું છે, જેમાં ૨૦૨૭ની વસ્તીગણતરીમાં જાતિની ગણતરી માત્ર ‘સ્વ-ઘોષણા’ ને બદલે એક ચોક્કસ પ્રણાલીના આધારે કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. વસ્તીગણતરીમાં નાગરિકોની જાતિ સંબંધિત વિગતો નોંધવા, વર્ગીકૃત કરવા અને તેને ચકાસવા માટે અપનાવવામાં આવતી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતી જાહેર હિતની અરજી પર વિચાર કરવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટે આ નિર્દેશ આપ્યો છે.CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે અરજી પર સુનાવણી કરવાનો



ઈનકાર કરતા કહ્યું કે, “આમાં એક સુસંગત મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે, તેથી સક્ષમ સત્તાધિકારીઓએ વસ્તીગણતરી અધિનિયમ ૧૯૫૮ હેઠળ આ સૂચનો પર વિચાર કરવો જોઈએ.” ખંડપીઠે અરજદાર અને શિક્ષણવિદ આકાશ ગોયલને જણાવ્યું હતું કે, જાતિ સંબંધિત આંકડાઓની ઓળખ માટે અગાઉથી નક્કી કરેલો કોઈ ડેટા નથી.આ ઉપરાંત ખંડપીઠે વધુમાં જણાવ્યું કે, વસ્તીગણતરીની પ્રક્રિયા વસ્તીગણતરી અધિનિયમ, ૧૯૫૮ અને તે હેઠળ ૧૯૯૦માં બનાવવામાં આવેલા નિયમો મુજબ ચાલે છે. આ કાયદો પ્રતિવાદી સત્તાધિકારીઓને વસ્તીગણતરી કરવાની વિગતો અને પદ્ધતિઓ નક્કી કરવાની સત્તા આપે છે. કોર્ટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રજિસ્ટ્રાર જનરલ અને વસ્તીગણતરી કમિશનરની કચેરી કોઈપણ ભૂલ ટાળવા માટે નિષ્ણાતોની મદદથી એક મજબૂત વ્યવસ્થા વિકસાવી ચૂકી હશે.અરજદાર ગોયલ વતી વરિષ્ઠ એડવોકેટ મુક્તા ગુપ્તાએ દલીલ કરી હતી કે, નાગરિકોની જાતિની વિગતો નોંધવા અને ચકાસવા માટે ઉપયોગમાં લેવાતું પ્રશ્નાવલી પત્રક પારદર્શક હોવું જોઈએ અને તેને જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ.વર્ષ ૨૦૨૭ની વસ્તીગણતરી સત્તાવાર રીતે ભારતની ૧૬મી રાષ્ટ્રીય વસ્તીગણતરી છે. તેની મુખ્ય વિશેષતાઓ અનુસાર ૧૯૩૧ પછી આ પ્રથમ વખત હશે જ્યારે વ્યાપક સ્તરે જાતિગત ગણતરીનો સમાવેશ કરવામાં આવશે.

---


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
અંતર્ગત ફેબ્રુઆરી – ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કૅટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ફેબ્રુઆરી–૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

“My Ration” મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.


---

# ખાનગી મિલકત પર પ્રાર્થના માટે પરવાનગી જરૂરી નથીઃ અલ્હાબાદ હાઈકોર્ટે કરી સ્પષ્ટતા

(સંપૂર્ણ સમાચાર સેવા) ઉત્તર પ્રદેશ

ઉત્તર પ્રદેશની અલ્હાબાદ હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ વ્યક્તિ કે સમુદાયને તેમની ખાનગી મિલકત પર ધાર્મિક પ્રાર્થના સભાઓ યોજવા માટે રાજ્ય સરકાર કે વહીવટીતંત્રની પૂર્વ પરવાનગીની જરૂર નથી. કોર્ટે જણાવ્યું હતું કે આ અધિકાર ભારતીય બંધારણની કલમ ૨૫ માં સમાવિષ્ટ છે.



હાઈકોર્ટે તેના ચુકાદામાં કલમ ૨૫ ટાંકીને કહ્યું હતું કે દરેક નાગરિકને પોતાના ધર્મનો સ્વીકાર, આચરણ અને પ્રચાર કરવાની સ્વતંત્રતા છે. જ્યારે કોઈ ધાર્મિક પ્રવૃત્તિ સંપૂર્ણપણે ખાનગી મિલકત પર અને શાંતિપૂર્ણ રીતે કરવામાં આવે છે, ત્યારે કાયદા હેઠળ વ્યક્તિઓને પરવાનગી લેવાની ફરજ પાડવી યોગ્ય નથી. આવા કિસ્સાઓમાં વહીવટી દખલ બંધારણની ભાવના વિરુદ્ધ હશે.

જોકે, કોર્ટે એ પણ સ્પષ્ટતા કરી હતી કે આ સ્વતંત્રતા ફક્ત ત્યારે જ માન્ય છે જ્યારે ધાર્મિક પ્રાર્થના સભા સંપૂર્ણપણે ખાનગી જગ્યા પર યોજવામાં આવે. જો મેળાવડાની પ્રકૃતિ એવી હોય કે તે જાહેર ક્ષેત્રમાં ફેલાય અથવા જાહેર વ્યવસ્થા, શાંતિ અથવા ટ્રાફિકમાં ખલેલ પહોંચાડે, તો વહીવટ જરૂરી કાર્યવાહી કરી શકે છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે જાહેર સ્થળે કોઈપણ ધાર્મિક સભા, કાર્યક્રમ અથવા સરઘસ માટે, સંબંધિત પોલીસ અથવા વહીવટને અગાઉથી જાણ કરવી ફરજિયાત છે. જાહેર સ્થળોએ કાર્યક્રમો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવી એ વહીવટની જવાબદારી છે, અને તેથી, આવા કિસ્સાઓમાં નિયમોનું પાલન કરવું આવશ્યક છે. ખાનગી મિલકત પર પ્રાર્થના સભાઓ યોજવા પર વહીવટી વાંધાઓને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન આ ચુકાદો આવ્યો. અરજદારે દલીલ કરી હતી કે ખાનગી મિલકત પર શાંતિપૂર્ણ ધાર્મિક પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરવાથી મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે. કોર્ટે આ દલીલ સાથે સંમત થયા અને વહીવટી કાર્યવાહીને ખોટી ગણાવી. આ ચુકાદાને ધાર્મિક સ્વતંત્રતા સંબંધિત ભવિષ્યના કેસો માટે એક મહત્વપૂર્ણ ઉદાહરણ માનવામાં આવે છે. આ સ્પષ્ટ સંદેશ આપે છે કે ખાનગી જીવન અને ખાનગી મિલકત ના બંધારણીય અધિકારોનું સન્માન કરવું જોઈએ, જ્યાં સુધી તે જાહેર શાંતિ અને વ્યવસ્થાને અસર ન કરે.

---

# તંગદિલી વચ્ચે ઈરાન US સાથે પરમાણુ વાટાઘાટો શરૂ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશકિયને અમેરિકા સાથે પરમાણુ સંવાદ ફરી શરૂ કરવાનો આદેશ આપ્યો છે, એક સૂત્રને ટાંકીને ઈરાનની રાજ્ય-સંલગ્ન ફાર્સ ન્યૂઝ એજન્સીએ સોમવારે તેવો અહેવાલ આપ્યો હતો.આ ઘટનાક્રમ ઈરાન અને અમેરિકા વચ્ચે ઈરાન નજીક યુએસ નેવીના લશ્કરી જમાવડાને કારણે વધી રહેલા તણાવની વચ્ચે આવ્યો છે. ગયા મહિને ઈરાનમાં થયેલા વ્યાપક સરકાર વિરોધી પ્રદર્શનો પર કરવામાં આવેલી હિંસક કાર્યવાહી બાદ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ઈસ્લામિક શાસન સામે લશ્કરી હુમલો કરવાની પોતાની ધમકીઓ સતત વધારી હતી, જેના પગલે આ નૌકા કાફલો આ ક્ષેત્રમાં તૈનાત કરવામાં આવ્યો હતો. ઈરાનમાં ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી આ પ્રદર્શનો અને સરકારનો તેવો પ્રતિસાદ સૌથી ઘાતક આંતરિક અશાંતિ તરીકે નોંધાયા છે. હિંસક કાર્યવાહી દરમિયાન હસ્તક્ષેપ કરવાની ધમકીઓ આપ્યા પછી ટ્રમ્પે લશ્કરી પગલું ભર્યું નહોતું, તેમણે ત્યારથી ઈરાન પાસે પરમાણુ ક્ષેત્રે બાંધછોડ કરવાની માંગ કરી છે. વધતા તણાવ દરમિયાન, અમેરિકી પ્રમુખ સહિત બંને પક્ષોના અધિકારીઓ અને મહાનુભાવોએ વારંવાર વાટાઘાટો ફરી શરૂ થવાના સંકેતો આપ્યા છે.

# તંત્રી લેખ......

## ભારત એક લોકશાહી રાષ્ટ્ર છે, જ્યાં કાયદો બધા માટે સમાન છે

તાજેતરમાં, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને "ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સમાનતાનો પ્રચાર નિયમન, ૨૦૨૬" શીર્ષક હેઠળ એક સૂચના બહાર પાડી છે. આ નિયમો શૈક્ષણિક સંસ્થાઓમાં ધર્મ, જાતિ, લિંગ, જન્મ સ્થળ, જાતિ અથવા અપંગતાના આધારે ભેદભાવ દૂર કરવાના હેતુથી બનાવવામાં આવ્યા હતા. જોકે, તેમણે વ્યાપક વિવાદ ઉભો કર્યો. સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓને ડર હતો કે આ નિયમો તેમને ગુનેગારો તરીકે પૂર્વનિર્ધારિત કરે છે. સુપ્રીમ કોર્ટે હાલમાં આના પર સ્ટે મૂક્યો છે.

આ નિયમોમાં ફરિયાદોની સત્યતા ચકાસવા અથવા ખોટા ફરિયાદોને દૂર કરવા માટે કોઈ નક્કર જોગવાઈઓનો અભાવ છે. જ્યારે દરેક આરોપ પર તાત્કાલિક સમિતિ બનાવીને ઝડપી કાર્યવાહીની ખાતરી આપવામાં આવે છે, ત્યારે પુરાવાઓની તપાસ, સાક્ષીઓની સુનાવણી, ગુપ્તતા અને અપીલ જેવી પ્રક્રિયાઓ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત નથી. આરોપ લગાવ્યા પછી તરત જ પગલાં લેવાની ઉતાવળમાં યોગ્ય તપાસ કેવી રીતે હાથ ધરી શકાય? આ એક મુખ્ય પ્રશ્ન છે. પ્રશ્ન એ પણ ઊભો થાય છેઃ યુજીસીની નવી માર્ગદર્શિકા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના લક્ષ્યોને બંધારણીય નિષ્પક્ષતા સાથે કેવી રીતે સુસંગત બનાવશે? વાસ્તવમાં, ન્યાય ફક્ત થવો જ જોઈએ નહીં, પરંતુ તે થતો પણ જોવો જોઈએ, નહીં તો વિશ્વાસ ખરડાય છે.કાનૂની દ્રષ્ટિકોણથી, યુજીસીના નવા નિયમો કલમ ૧૪ હેઠળ સમાનતાના અધિકારને અવગણે છે, જ્યારે કલમ ૧૫(૧) જાતિના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે. અદાલતોએ વારંવાર સ્વીકાર્યું છે કે ગૌરવ, ન્યાયીતા અને ન્યાયી કાર્યવાહીની પહોંચ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનો અભિન્ન ભાગ છે. જો કોઈ શિક્ષક કે વિદ્યાર્થી જાતિ આધારિત ભેદભાવનો સામનો કરે છે અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા ઓબીસીનો નથી, તો કાનૂની આશ્રયનો અભાવ પ્રક્રિયાગત અન્યાય છે. નોંધપાત્ર રીતે,યુજીસી માર્ગદર્શિકા અસંગત છે. જ્યારે નિયમ ૨ વંચિત જૂથો સામે ભેદભાવ દૂર કરવાની હાકલ કરે છે, ત્યારે નિયમ 3(c) ન્યાયના અધિકારને ફક્ત ચોક્કસ જાતિઓ સુધી મર્યાદિત કરે છે.ગયા વર્ષે ફેબ્રુઆરીમાં,યુજીસીએ જાહેર ટિપ્પણીઓ માટે નિયમોનું ડ્રાફ્ટ સંસ્કરણ બહાર પાડ્યું હતું. આ ડ્રાફ્ટમાં, અન્ય પછાત વર્ગોને જાતિ આધારિત ભેદભાવના અવકાશમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. ડ્રાફ્ટ નિયમોમાં ભેદભાવની ખોટી ફરિયાદોને "નિરાશ" કરવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો અને આ હેતુ માટે દંડનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જો કે, અંતિમ સૂચિત નિયમોમાં ખોટી ફરિયાદો સંબંધિત જોગવાઈ દૂર કરવામાં આવી હતી. હકીકતમાં, ખોટી અથવા દુર્ભાવનાપૂર્ણ ફરિયાદો સાથે વ્યવહાર કરતી જોગવાઈઓને દૂર કરવાથી માર્ગદર્શિકામાં માળખાકીય નબળાઈ જાહેર થઈ હતી. ઉચ્ચ શિક્ષણ પરના અખિલ ભારતીય સર્વેક્ષણ ૨૦૨૧-૨૨ અનુસાર, ઉચ્ચ શિક્ષણમાં ૬૦ ટકા વિદ્યાર્થીઓ અનામત શ્રેણીઓમાંથી હતા. આ પ્રશ્ન ઉભો કરે છેઃ જો આ ૬૦ ટકા વિદ્યાર્થીઓમાંથી કોઈ જાતિના આધારે કોઈની સાથે ભેદભાવ કરે તો શું થશે? આ નિયમો આ મુદ્દા પર મૌન છે. જેમ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ અને કલમ ૪૯૮૭ (દહેજ વિરોધી ઉત્પીડન) અધિનિયમ હેઠળ અસંખ્ય કિસ્સાઓ બન્યા છે, જ્યાં ખોટા અથવા ભૂલભરેલા કેસ દાખલ કરવામાં આવ્યા છે, જેના પરિણામે નિર્દોષ લોકો ફસાયા છે, તેવી જ રીતે યુજીસીના સમાનતા નિયમોમાં પણ આવો જ ભય સ્પષ્ટ હતો. સુપ્રીમ કોર્ટે પોતે, ૨૦૧૮ માં, તેમના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ધરપકડ પહેલાં પ્રારંભિક તપાસની ભલામણ કરી હતી.

### એઆઈ કંપની એન્થ્રોપિકના સીઈઓની ચેતવણી

## સાવધાન! એઆઈના દુરૂપયોગથી બાયોલોજિકલ વેપન્સ પણ બનાવી શકાય

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

ટોચની એઆઈ કંપનીઓ પૈકીની એક એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈએ ચિંતાજનક દાવો કર્યો હતો કે હવેના એઆઈ એજન્ટ્સ બાયોલોજિકલ વેપન્સ પણ બનાવી શકે છે. બાયોલોજિકલ વેપન્સ માનવ સહિત સજીવસૃષ્ટિ અને પર્યાવરણ માટે બેહદ ખતરનાક સાબિત થઈ શકે છે. જો એનો દુરુપયોગ શરૂ થાય તો દુનિયામાં મોટી ખુંવારી થઈ શકે છે. એઆઈને એક હદથી વધારે ડેટા આપવાનું સુરક્ષિત નથી. એઆઈ એજન્ટ હવે માણસથી વધારે બુદ્ધિશાળી થઈ રહ્યા હોવાથી તેનો સુરક્ષિત ઉપયોગ કરવો જરૂરી છે.ઓપનએઆઈ, ગૂગલ ડીપમાઈન્ડ, મેટા, એક્સએઆઈ, ડીપસિક જેવી ટોચની એઆઈ કંપનીની હરોળમાં આવતી એક કંપનીનું નામ છે - એન્થ્રોપિક. આ કંપની લાર્જ લેંગ્વેજ મોડલના આધારે કામ કરે છે અને એઆઈના સેફ મોડલ્સ બનાવવાની હિમાયત કરે છે. આ કંપનીના સહસ્થાપક અને સીઈઓ ડારિયો એમોડેઈએ એક ચોંકાવનારો દાવો કર્યો હતો. તેમણે એક લેખમાં કહ્યું કે ત્રણ-સાડા ત્રણ વર્ષ પછી હવે એઆઈ ટેકનોલોજી એવા લેવલે પહોંચી ગઈ છે કે તેનો દુરુપયોગ ભયાનક પરિણામો લાવી શકે છે. જો કોઈ વ્યક્તિ એઆઈને બાયોકેમિકલ વેપન્સ બનાવવા માટેના પ્રોમ્પ્ટ આપે તો કદાચ એમાં સફળતા મળી જશે. અત્યારે એઆઈ પાસે જુદી જુદી વિજ્ઞાન શાખાનું એટલું નોલેજ આવી ચૂક્યું છે કે તેનાથી એ બાયોકેમિકલ વેપન્સ બનાવવાની રીત જણાવી શકે.જે કામ અત્યાર સુધી વર્ષોની મહેનત અને અથાક મહેનત પછી લેબોરેટરીમાં જ શક્ય હતું એ કામ એઆઈ વિશાળ માહિતી સ્ત્રોતના આધારે ગણતરીની મિનિટોમાં આપી શકે છે. જો આજના એઆઈ એજન્ટ્સને વધારે ડેટા, વધારે કમ્પ્યુટિંગ પાવર અને બનાવવામાં વધારે સમય આપવામાં આવશે તો એ આવા અશક્ય લાગતા કાર્યો કરી શકે છે. ધારો કે માનવજાતના દુશ્મન સમાન આતંકવાદી જૂથો એઆઈની મદદથી બાયોલોજિકલ વેપન્સ બનાવી નાખે તો શું થાય? તો માનવજાત સામે અસ્તિત્વનું જોખમ આવી પડે.

તેમણે દલીલ કરી હતી કે ૨૦૨૨ના અંતે જ્યારે ચેટજીપીટી નામના ચેટબોટનું આગમન થયું ત્યારે કેટલીય ગરબડો થતી હતી. એક સાધારણ ગણતરીમાં પણ એની ભૂલો સામે આવતી હતી. આજે ભલભલા ગણિતશાસ્ત્રીઓ અચંબામાં મૂકાય જાય એટલી ઝડપે એઆઈ સચોટ ગણતરી કરી આપે છે. લગભગ દરેક ક્ષેત્રમાં આવો અનુભવ થઈ રહ્યો છે. એઆઈ ટેકનોલોજીને માનવજાતે એટલી માહિતી આપી દીધી છે કે તેનો દુરુપયોગ વિધ્વંશક સાબિત થઈ શકે છે. ડારિયો એમોડેઈએ કહ્યું કે એઆઈ પાસે ઈમોશન નથી. તે લાગણીથી વિચારશે નહીં. તેને પ્રોમ્પ્ટ આપવામાં આવશે તો એ તેનું પાલન કરશે. તે ડેટામાંથી એક પેટર્ન શીખે છે. સારા-નરસાનો ભેદ નહી પારખી શકે. જો આપણે તેની આ નબળાઈ સમજી નહીં શકીએ તો મોટો ખતરો મંડરાશે

## કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ગુજરાતનું પ્રતિનિધિ મંડળ ગુરુકુળ કુરુક્ષેત્રની મુલાકાતેઃ ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે પ્રાકૃતિક કૃષિના સફળ પ્રયોગોનું નિદર્શન કર્યું





ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સમગ્ર દેશના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા સતત પ્રેરિત કરી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે ૧૮૦ એકર જમીનમાં થઈ રહેલા પ્રાકૃતિક કૃષિના સફળ પ્રયોગોના નિદર્શન માટે ગુજરાતના કૃષિ, ખેડૂત કલ્યાણ અને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય મંત્રી શ્રી રમેશ કટારા, કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા સહિતનું પ્રતિનિધિ મંડળ ગુરુકુળ કુરુક્ષેત્ર પહોંચ્યું હતું.આ પ્રતિનિધિ મંડળે ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે પ્રાકૃતિક કૃષિ ફાર્મ ઉપરાંત ગૌશાળા, બાયોગેસ પ્લાન્ટ, જીવામૃત અને નિમાસ્ત્ર પ્લાન્ટ, ઋષિ-આધારિત અર્શ વિદ્યાલય તેમજ નેચરોપેથી સેન્ટર સહિતના વિવિધ કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક કૃષિના વૈજ્ઞાનિક તથા વ્યવહારુ પાસાઓ અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિ મિશન સાથે દેશભરમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાઈ રહ્યા છે. ગુજરાત રાજ્યના આશરે ૮ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, ગુરુકુળ કુરુક્ષેત્રના પ્રાકૃતિક કૃષિ ફાર્મ પર છેલ્લા ૧૦ વર્ષોથી દેશી ગાય આધારીત પ્રાકૃતિક કૃષિ કરવામાં આવી રહી છે, જેના પરિણામે અહીંની જમીન હવે ''ઓર્ગેનિક કાર્બન રિચ'' શ્રેણીમાં આવી ગઈ છે. આ જમીન એટલી ઉપજાઉ બની ગઈ છે કે અહીં ઘઉં, ચોખા અને અન્ય પાકોનું ઉત્પાદન રાસાયણિક ખેતી કરતાં પણ વધારે થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ માત્ર આજની જરૂરિયાત નથી, પરંતુ પર્યાવરણ અને ધરતીને બચાવવાનો એકમાત્ર માર્ગ છે અને દેશના ખેડૂતોએ આ સત્યને સમજીને મોટા પ્રમાણમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવાની શરૂઆત કરી છે.

આ મુલાકત દરમિયાન કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુરુકુળના પ્રાકૃતિક કૃષિ ફાર્મ પર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ થઈ રહેલી પ્રાકૃતિક ખેતી કોઈ અજાયબીથી ઓછી નથી. હરિયાણાની જમીનમાં જ્યાં સામાન્ય રીતે ડ્રેગન ફ્રૂટ, ખજૂર, સફરજન અને ચણાની ખેતી થતી નથી, ત્યાં ગુરુકુળના ફાર્મ પર પ્રાકૃતિક કૃષિ દ્વારા આ પાકો ખુબ સારી રીતે થઈ રહ્યા છે.

મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ફાર્મ પર ઉગાડવામાં આવેલી કોબી, વટાણા અને ગાજર જેવી પાકોનું નિરીક્ષણ કર્યું હતું, તેમજ તાજા વટાણા અને કોબી તોડી તેના શુદ્ધ પ્રાકૃતિક સ્વાદનો આનંદ માણ્યો હતો. ગુરુકુળમાં અંદાજે ૧૫ ફૂટ ઊંચી શેરડી જોઈ મંત્રીશ્રીએ વિશેષ પ્રશંસા કરી હતી. સાથે જ લીલીછમ શાકભાજી તેમજ ઘઉં અને ચણાના સહપાક પદ્ધતિના મોડેલ પણ નિહાળ્યા હતા.

## ''મેરા ટિકટ, મેરી શાન — વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન'' જનજાગૃતિ અભિયાનમાં ભાવનગરની માનનીય ધારાસભ્ય અને મહાપૌરશ્રીની ગૌરવપૂર્ણ હાજરી



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલ મુસાફરોમાં માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તેમજ ડિજિટલ રેલવે સેવાઓનો વધુમાં વધુ ઉપયોગ કરવા અંગે જાગૃતિ વધારવાના હેતુથી પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરૂણ જૈનના માર્ગદર્શન અને પ્રેરણાથી સંચાલિત ''મેરા ટિકટ, મેરી શાન — વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન'' અભિયાન અંતર્ગત તારીખ ૦૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ (મંગળવાર)ના રોજ ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર એક અસરકારક જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ભાવનગરની માનનીય ધારાસભ્ય શ્રીમતી સેજલબેન પંડ્યા, મહાપૌર શ્રી ભરતભાઈ બારડ, ઉપમહાપૌર શ્રીમતી મોનાબેન પારેખ, એમ્બ્યુલન્સ ૧૦૮ના હેડ શ્રી કપિલ સોલંકી, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના શ્રી અશોક કોટાડિયા સહિત અન્ય સ્થાનિક ગણમાન્ય જનપ્રતિનિધિઓની ગૌરવપૂર્ણ હાજરી રહી. કાર્યક્રમ દરમિયાન જનપ્રતિનિધિઓએ મુસાફરોને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવાની મહત્તા અંગે અવગત કરાવ્યું અને સંદેશ આપ્યો કે ટિકિટ લઈને મુસાફરી કરવી માત્ર કાનૂની ફરજ જ નથી, પરંતુ ઈમાનદારી, શિસ્ત અને જવાબદાર નાગરિકતાનું પ્રતીક છે. આ પહેલ દ્વારા મુસાફરોમાં જવાબદાર અને શિસ્તબદ્ધ મુસાફરીની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં આવી.

આ અવસરે વાણિજ્ય વિભાગ દ્વારા મુસાફરોને રેલવન એપ (RailOne App) અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. એપના મુખ્ય લાભો જેમ કે— સરળ ટિકિટ બુકિંગ, ટ્રેનોની રિયલ-ટાઈમ માહિતી તેમજ એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ વિવિધ રેલવે સેવાઓ વિશે વિગતે સમજાવવામાં આવ્યું અને મુસાફરોને ડિજિટલ સેવાઓ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ અભિયાન મુસાફરોને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવા, ડિજિટલ રેલવે સેવાઓ અપનાવવા તથા એક સુરક્ષિત, પારદર્શક અને કાર્યક્ષમ રેલવે પ્રણાલીના નિર્માણમાં સહભાગી બનવા પ્રેરિત કરે છે.

મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામને અપીલ કરી છે કે બધા મુસાફરો યોગ્ય ટિકિટ લઈને મુસાફરી કરે અને આ સંદેશો જન-જન સુધી પહોંચાડે. આ અભિયાનથી મુસાફરોમાં રેલવે નિયમો, નાગરિક ફરજો, ઈમાનદાર મુસાફરી અને સામાજિક જવાબદારી અંગે જાગૃતિમાં નોંધપાત્ર વધારો થયો છે.

### 'MSME કોક્લેવ'માં ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ કરનારા વિવિધ માઈક્રો તેમજ સ્મોલ એકમોને પાંચ શ્રેણીમાં એવોર્ડ એનાયત કરાશે

## દક્ષિણ ગુજરાત ઝોનની 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ'ના બીજા દિવસે સુરત ખાતે 'MSME કોક્લેવ' યોજાશે

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ગુજરાતમાં મજબૂત પાયો નાખવામાં આવ્યો હતો. રાજ્યમાં અગાઉ ૧૦ વાઈબ્રન્ટ સમિટના સફળ આયોજન બાદ રાજ્ય સરકારે પ્રથમવાર ગુજરાતના ચાર ઝોનમાં ''વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસ''નું આયોજન કર્યું છે.

આ આયોજનના ભાગરૂપે સુરત ખાતે આગામી તા. ૯ અને ૧૦ એપ્રિલ-૨૦૨૬ના રોજ દક્ષિણ ગુજરાત ઝોનની 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવશે. આ ઝોનમાં તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને ભરૂચ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુરત ખાતે યોજાનાર બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ દરમિયાન વિવિધ વિષયો પર સેમિનારો, B2B અને B2G બેઠકો, પ્રદર્શનો વગેરે બહુ આયામી આયોજનો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત કોન્ફરન્સના બીજા દિવસે એટલે કે, તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ 'MSME કોક્લેવ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માહિતીસભર સેમીનાર, પેનલ ડીસ્કશન, એક્ઝીબિશન તથા વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

ઉપરાંત, આ કોક્લેવમાં દક્ષિણ ઝોનમાં સમાવિષ્ટ ૦૬ જિલ્લાઓમાં કાર્યરત માઈક્રો તથા સ્મોલ એકમો માટે ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ કરનારા વિવિધ એકમોને આ મુજબની કુલ પાંચ શ્રેણીમાં એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેમાં

૧. મહિલા ઉદ્યોગ સાહસિક : ૫૧ ટકા અને તેથી વધુ મહિલાઓની માલિકી ધરાવતા એકમો

૨. યુવા ઉદ્યોગ સાહસિક : ૩૫ વર્ષની ઓછી આયુ ધરાવતા ફર્સ્ટ જનરેશન એન્ટરપ્રેનીયર્સ

૩. અનુસૂચિત જાતિ ઉદ્યોગ સાહસિક

૪. અનુસૂચિત જનજાતિ ઉદ્યોગ સાહસિક

૫. જનરલ કેટેગરી એવોર્ડ : જે ઉદ્યોગકારોનો ઉપર દર્શાવેલ ૧ થી ૪ કેટેગરીમાં સમાવેશ થતો નથી તે ઉદ્યોગકારો જનરલ કેટેગરીમાં અરજી કરી શકશે દા.ત. SEBC ઉદ્યોગકાર વગેરે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય અને પાત્રતા ધરાવતા MSME એકમો ઉપરોક્ત એવોર્ડ માટે શ્રેણી મુજબ અરજી કરી શકે છે. જે સંદર્ભે વધુ માહિતી માટે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે. રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં આવતા મહત્તમ MSME ઉદ્યોગો અને ઉદ્યોગકારોને આ કાર્યક્રમનો સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જનક દેસાઈ

## મોંઘવારીના માર વચ્ચે ગૃહિણીઓને મળી રાહત : સીંગતેલ અને કપાસીયા તેલના ભાવમાં મોટો ઘટાડો



પ્રતિનિધિ,ગાંધીનગર

છેલ્લા કેટલાક સમયથી સતત વધી રહેલા ખાદ્યતેલના ભાવમાં આખરે ઘટાડો નોંધાતા મધ્યમ વર્ગના પરીવારો અને ખાસ કરીને ગૃહિણીઓએ રાહત નો શ્વાસ લીધો છે. બજારમાં સીંગતેલ અને કપાસીયા તેલના ભાવમાં ડબ્બે રૂપીયા ૩૦ થી ૫૦ સુધીનો ઘટાડો નોંધાયો છે. ખાદ્ય તેલના ભાવમાં ચાલી રહેલી સટ્ટાકીય તેજીને આખરે બ્રેક વાગી છે. અગાઉ સીંગતેલના રૂપીયા ૨૯૦૦ હતા તે ઘટીને રૂપીયા ૨૮૫૦ થયા છે. જેમાં રૂપીયા ૫૦ નો ઘટાડો થયો છે. જયારે કપાસીયા તેલમાં રૂપીયા ૨૩૪૦ હતા તેમાં ૨૩૧૦ નો ભાવ નકકી કરાયો છે. જેમાં રૂપીયા ૩૦ નો ઘટાડો થયો છે. બજારના નિષ્ણાંતો અને વેપારીઓના મતે ભાવમાં ઘટાડો થવા પાછળ બે મુખ્ય કારણો જવાબદાર છે. મગફળીની પુષ્કળ આવક હોવાનુ વેપારીઓ જણાવી રહ્યા છે. હાલમાં માર્કેટીંગ યાર્ડ અને ખુલ્લા બજારમાં વિપુલમાત્રામાં નવી મગફળી ઠલવાઈ રહી છે. પુરવઠો વધવાને કારણે તેલના ભાવ પરનુ દબાણ ઘટયુ છે. ખાદ્ય તેલના ભાવ આસમાને પહોચતા સામાન્ય ગ્રાહકોએ ખરીદીમાં કાપ મુકયો હતો. ઘરાકી ઓછી થતા અને ઉંચા ભાવે વેચાણ અટકતા સટ્ટાખોરોએ તેજી પર બ્રેક લગાવવી પડી છે.

## રાજકોટની યસ બેંકમાં ભીષણ આગ, ભારે નુકસાનની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરના રેસકોર્સ રિંગ રોડ વિસ્તારમાં આવેલા યસ બેંકના બ્રાંચમાં ગઈકાલે મોડી રાત્રે આગ લાગવાની ઘટના સામે આવી હતી. ૨ ફેબ્રુઆરીની રાત્રે અંદાજે ૧૧.૩૫ વાગ્યાના સમયગાળામાં બેંકના જિલ્લા પંચાયત ચોક સ્થિત બિલ્ડિંગના પહેલા માળે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. આ ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આગ લાગતા જ થોડા સમયમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બેંકની અંદર ભારે ગરમી વધતા બારીના કાચ ફૂટીને નીચે રોડ પર પડતા હતા, જેના કારણે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિકોમાં ભય ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને માહિતી આપવામાં આવી હતી.

ફાયર વિભાગની ત્રણ ફાયર ફાઈટર ટીમો તુરંત જ સ્થળ પર દોડી આવી હતી અને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.શરૂઆતમાં ફાયર ફાઈટરો દ્વારા બેંકના આગળના ભાગમાંથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. થોડા સમય માટે આગ કાબૂમાં આવી હોવાનું લાગ્યું હતું, પરંતુ થોડી જ મિનિટોમાં ફરી આગ ભભૂકી ઉઠી હતી. ત્યારબાદ ફાયર વિભાગે કટર મશીનની મદદથી બેંકનું શટર લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદરની બાજુથી પાણીનો મારો ચલાવી આગ પર નિયંત્રણ મેળવ્યું હતું.

લાંબી મહેનત બાદ રાત્રે લગભગ ૧૨.૩૫ વાગ્યાના સમયગાળામાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.આ ઘટનાના પગલે બેંકની અંદર આવેલા ફર્નિચર, દસ્તાવેજો, કમ્પ્યુટર સિસ્ટમો સહિતના સાધનોને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જોકે આગના સમયે બેંક બંધ હોવાથી કોઈ જાનહાની થઈ નહોતી, જે રાહતની બાબત રહી હતી.આગ લાગ્યાની જાણ થતા બેંકના અધિકારીઓ પણ તાત્કાલિક રાત્રિ દરમિયાન બેંક ખાતે પહોંચ્યા હતા અને સમગ્ર ઘટનાની જાણ હેડ ઓફિસને કરવામાં આવી હતી. બનાવના પગલે પોલીસ વિભાગના પીઆઈ તેમજ એસીપી કક્ષાના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. આગ લાગવાના ચોક્કસ કારણોની તપાસ હાલ ચાલી રહી છે.

## ડાંગરવા સ્ટેશન યાર્ડમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મહેસાણા–જગુદન સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. ૯૭૧ તથા ડાંગરવા સ્ટેશન યાર્ડમાં બ્રિજ નં.૧૦૧૪ ના પુનર્નિર્માણ સંબંધિત એન્જિનિયરિંગ કાર્ય માટે ૦૫.૦૨.૨૦૨૬ના રોજ બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે મુજબ છેઃ-

પૂર્ણ રદ્દ ટ્રેન

- તા. ૦૫.૦૨.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૭૯૪૩૫/૭૯૪૩૬ સાબરમતી–પાટણ–સાબરમતી ડેમૂ સંપૂર્ણપણે રદ્દ રહેશે.

આંશિક રદ્દ ટ્રેનોઃ

- તા. ૦૫.૦૨.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૨૦૯૫૯/૨૦૯૬૦ વલસાડ–વડનગર–વલસાડ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ–વડનગર વચ્ચે આંશિક રદ્દ રહેશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

- તા. ૦૪.૦૨.૨૦૨૬ની ૧૯૦૩૨ યોગનગરી ઋષિકેશ–સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા–આંબલિયાસણ–કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા–કટોસણ રોડ–કલોલના રસ્તે ચાલશે.
- તા. ૦૪.૦૨.૨૦૨૬ની ૧૯૪૧૨ દૌલતપુર ચોક–સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા–આંબલિયાસણ–કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા–કટોસણ રોડ– કલોલના રસ્તે ચાલશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે. મુસાફરો ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in પર માહિતી મેળવી શકે છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૦૩/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૯૨ | ૧,૧૦૦.૦૦ | ૧,૭૫૫.૦૦ |
| ૨ | રાયડો | ૨૦ | ૯૦૦.૦૦ | ૧,૧૧૫.૦૦ |
| ૩ | ઘઉં | ૯૫૫ | ૫૦૦.૦૦ | ૫૩૧.૦૦ |
| ૪ | બાજરી | ૮ | ૩૫૦.૦૦ | ૪૪૨.૦૦ |
| ૫ | મકાઇ | ૨૫ | ૩૦૦.૦૦ | ૩૧૫.૦૦ |
| ૬ | ગવાર | ૫૦ | ૯૯૦.૦૦ | ૧,૦૨૨.૦૦ |
| ૭ | કપાસ | ૧૫૯ | ૧,૫૦૪.૦૦ | ૧,૬૦૨.૦૦ |
| ૮ | સોયાબીન | ૧૩ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૮૭.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૭૩૦૭ અને ચાંદીના વાયદામાં રૂ.૨૯૧૧૬નો ફરી ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬ ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૫૫૪૦.૮૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૪૨૮૫.૭૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૪૩૫૨.૪૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૪૦૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૯૮૩૦.૪૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૫૫૪૦.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૪૨૮૫.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૪૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૯૭.૮૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૪૩૫૨.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૫૯૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૦૦૦૦ અને નીચામાં રૂ.૧૪૫૯૪૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૧૬૯૩ના આગલા બંધ સામે રૂ.૭૩૦૭ના ઉછાળા સાથે રૂ.૧૪૯૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૩૫૬ વધી રૂ.૧૨૪૬૬૩ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૬૩ વધી રૂ.૧૫૫૮૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦૫૪ વધી રૂ.૧૪૯૧૫૫ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૬૬૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૩૦૦ અને નીચામાં રૂ.૧૪૬૬૮૧ના મથાળે અથડાઈ, રૂ.૧૪૪૨૯૬ના આગલા બંધ સામે રૂ.૯૧૦૧ના ઉછાળા સાથે રૂ.૧૫૩૩૯૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૫૭૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૦૩૯૮ અને નીચામાં રૂ.૨૪૫૭૧૧ના મથાળે અથડાઈ, રૂ.૨૩૬૨૬૧ના આગલા બંધ સામે રૂ.૨૯૧૧૬ના ઉછાળા સાથે રૂ.૨૬૫૩૭૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૯૦૫૧ વધી રૂ.૨૭૨૨૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૯૩૮૬ વધી રૂ.૨૭૨૨૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૮૨૮૭.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૬૦.૨ વધી રૂ.૧૨૭૯.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧ ઘટી રૂ.૩૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૮૫ વધી રૂ.૩૧૩.૫૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૧૯૨.૨ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૭૦૧.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૩૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૦૦ અને નીચામાં રૂ.૩૩૨૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૬ વધી રૂ.૩૪૯૨ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૬૦૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૩૭ અને નીચામાં રૂ.૫૫૧૫ના મથાળે અથડાઈ, રૂ.૫૬૨૫ના આગલા બંધ સામે રૂ.૬ ઘટી રૂ.૫૬૧૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪ ઘટી રૂ.૫૬૧૮ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ ૮૦ પૈસા ઘટી રૂ.૨૯૪.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૮૦ પૈસા ઘટી રૂ.૨૯૪.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૫ના ભાવે ખૂલી, રૂ.૫.૮ વધી રૂ.૯૮૪ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૦ના ભાવે ખૂલી, રૂ.૧૬ વધી રૂ.૨૫૯૫ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૮૧૨૬.૪૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૬૨૨૫.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૬૯૬૩.૧૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૧૯.૨૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૫૬.૫૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૭૩૭.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૫૦.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૩૭.૦૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૭.૩૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૨ કરોડનાં કામ થયાં હતાં.




ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૮૩૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૪૪૦૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૬૬૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૮૬૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૩૭૨૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૯૦૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૧૦૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૩૨૩૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૧૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૩૭૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫૪૦૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૨૬૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૬૦૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૦૫૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૨૧૯ પોઈન્ટ વધી ૩૮૪૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૩ ઘટી રૂ.૨૧૫.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા ઘટી રૂ.૨૫.૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૩૨.૫ વધી રૂ.૧૧૦૨૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૭૬૦.૫ વધી રૂ.૧૮૩૧૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦.૫૧ વધી રૂ.૬૦.૬૬ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૭ ઘટી રૂ.૪.૦૧ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૩ ઘટી રૂ.૨૦૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા વધી રૂ.૨૬.૭ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૪૨.૫ ઘટી રૂ.૯૦૨૮.૫ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૩૪૨.૫ ઘટી રૂ.૨૪૪૯૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪.૬૮ ઘટી રૂ.૩૦.૫ થયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬૫ વધી રૂ.૧૨.૬૫ના ભાવે બોલાયો હતો.

---

મોડર્ન ટેક્નોલોજી સાથે પરંપરાનું સંયોજન કરી નવી પેઢી સુધી પહોંચતી જરીકલા ઘરેલુ ઉદ્યોગ થકી ૫૦થી વધુ લોકોને આપે છે રોજગારી

# લુપ્ત થવાની કગારે પહોંચેલી જરીકલાને ૧૨૦ વર્ષથી જીવંત રાખતો સુરતનો જરીવાલા પરિવાર

**સ્વદેશી, પરંપરા અને રોજગારીનું જીવંત પ્રતિક બનતી સુરતની GI ટેગ ધરાવતી જરીઃ સુરતના સગરામપુરાના એક જ પરિવાર દ્વારા પેઢીદર પેઢી સંવર્ધિત થતો પરંપરાગત જરી ઉદ્યોગઃ**

ભારત પોતાની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને પરંપરાગત હસ્તકળાઓ માટે વિશ્વવિખ્યાત છે. એમાં પણ ગુજરાત અને ખાસ કરીને સુરતની જરીકલા આગવી ઓળખ ધરાવે છે. ગ્રીક વિદ્વાન મેગેસ્થનીઝના ગ્રંથોમાં ઉલ્લેખિત થયેલી અને આજે GI ટેગ ધરાવતી સુરતની જરીકલા, જરી-જરદોશી વર્ક પ્રાચીન સમયથી ચાલતી આવતી એક અમૂલ્ય પરંપરા છે. આવી જ પરંપરાને સુરતના સગરામપુરાનો જરીવાલા પરિવાર છેલ્લા ૧૨૦ વર્ષથી વધુ સમયથી જીવંત રાખી રહ્યો છે. સુરતની ઓળખ માત્ર ખાણીપીણી કે ઉદ્યોગોથી નહીં, પરંતુ જરી ઉદ્યોગ જેવી પરંપરાગત કલાઓથી પણ બનેલી છે. સુરતના સગરામપુરાના એક જ પરિવાર દ્વારા પેઢી દર પેઢી સંવર્ધિત થતા પરંપરાગત જરી ઉદ્યોગની શરૂઆત જેકીશનદાસ ચપડીયા દ્વારા કરવામાં આવી હતી. સમય બદલાતો ગયો તેમ પેઢીઓ બદલાતી ગઈ, પરંતુ જરીનો વારસો યથાવત રહ્યો. આજે આ પરિવારની નવી પેઢી પરંપરાગત જરીકળાને આધુનિક યુગની માંગ સાથે જોડીને સફળતાપૂર્વક આગળ ધપાવી રહી છે.





એક સમય હતો જ્યારે સુરતની જરી શહેરની શાન ગણાતી હતી. મુઘલકાળ દરમિયાન સુરતમાં તૈયાર થતું જરીનું કાપડ વિદેશ સુધી નિકાસ થતું હતું. ગોપીપુરા, નવાપુરા, વાડીફળીયા જેવા વિસ્તારો જરી ઉદ્યોગના કેન્દ્રબિંદુ હતા. સમય જતાં ઉદ્યોગ થોડો મંદ પડ્યો, પરંતુ હવે ફરીથી તેમાં નવી ઉર્જા જોવા મળી રહી છે.

વિશેષ વાત એ છે કે આજે પણ સુરતમાં તૈયાર થતી જરી બનારસ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, બેંગ્લોર જેવા રાજ્યોમાં મોકલવામાં આવે છે, જ્યાં તેને સાડીમાં ગૂંથવામાં આવે છે. સોના અને ચાંદીના તારથી બનેલી આ જરી સાડીઓ આજે ફરીથી યુવા પેઢીની પસંદ બની રહી છે.

મોર્ડનાઈઝેશન સાથે પરંપરાનો સંગમ કરી જરી ઉદ્યોગને જીવંત રાખતા ચેતનકુમાર પ્રવિણભાઈ જરીવાલા જણાવે છે કે, અમારો પરિવાર ૧૦૦ થી ૧૨૦ વર્ષથી પરંપરાગત વ્યવસાય જરી ઉદ્યોગ સાથે સંકળાયેલ છે. પહેલાં જૂની પદ્ધતિથી કામ થતું હતું, પરંતુ સમયની સાથે અમે નવી ટેક્નોલોજી અને મશીનો અપનાવ્યા છે. પરિવારના દરેક સભ્યને અલગ અલગ જવાબદારી સોંપવામાં આવી છે, જેના કારણે વ્યવસાય સરળતાથી આગળ વધી રહ્યો છે. જરી બનાવવાની સાથે સાથે સોના-ચાંદીના તારની સાડીઓનું ઉત્પાદન અને વેચાણ પણ પરિવાર પોતે જ કરે છે. ઘરેથી જ મેન્યુફેક્ચરિંગ થતું હોવાથી ખર્ચમાં બચત થાય છે અને ગુણવત્તા પર નિયંત્રણ રહે છે. તેઓ વધુમાં કહે છે કે, આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં જ્યાં દેશી પદ્ધતિથી સંચા ચલાવવામાં આવતાં, ત્યાં આજે આધુનિક મશીનોનો ઉપયોગ થઈ રહ્યો છે. ચેતનભાઈ પોતે બી.કોમ એલ.એલ.બી.નો અભ્યાસ કરી ચૂક્યા છે, છતાં વકીલાત છોડીને વારસામાં મળેલા જરી ઉદ્યોગને આગળ વધારવાનું પસંદ કર્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, ''લોકોને લાગે છે કે જરી ઉદ્યોગ લુપ્ત થઈ રહ્યો છે, પરંતુ હકીકત એ છે કે અમે નવી પદ્ધતિઓ અપનાવી આ ઉદ્યોગને નવી દિશા આપી રહ્યા છીએ.''

**રોજગારી અને આત્મનિર્ભરતાનું પ્રતિક એટલે જરી ઉદ્યોગઃ**

જરિવાલા પરિવાર આજે માત્ર પોતાનો વ્યવસાય જ ચલાવી રહ્યો નથી, પરંતુ ૫૦થી વધુ લોકોને રોજગારી પણ આપી રહ્યો છે. લઘુગૃહ ઉદ્યોગ તરીકે શરૂ થયેલો આ વ્યવસાય 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના વિચારને સાકાર કરે છે. જરીવાલા પરિવાર માટે જરી માત્ર ધંધો નથી, પરંતુ વારસો, ઓળખ અને સાધના છે.

**જરી ઉદ્યોગનો ઈતિહાસ :**

જરી ઉદ્યોગ ભારતની અતિ પ્રાચીન અને વૈભવી હસ્તકળાઓમાંની એક છે. તેનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો હોવાનું માનવામાં આવે છે. ગ્રીક ઈતિહાસકાર મેગેસ્થનીઝના ગ્રંથોમાં પણ ભારતીય સોનાચાંદીના તારોથી બનેલા વસ્ત્રો અને કઢાઈનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન સમયમાં રાજા-મહારાજાઓ, નવાબો અને દરબારીઓ માટે તૈયાર થતી વસ્ત્રસજ્જામાં જરીનો વિશેષ ઉપયોગ થતો હતો. મુઘલકાળ દરમિયાન જરીઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું હતું. આ સમયગાળામાં સુરત દેશનું મહત્વપૂર્ણ વેપારી બંદર હોવાથી અહીં તૈયાર થતી જરી અને જરીથી બનેલું કાપડ દેશ-વિદેશમાં નિકાસ થતું હતું. સુરત, બનારસ, કાંચીપુરમ અને દક્ષિણ ભારતના વિવિધ પ્રદેશોમાં જરી કળા લોકપ્રિય બની હતી. સુરતમાં તૈયાર થતી જરી તેની બારીકાઈ, શુદ્ધ સોના-ચાંદીના તાર અને દીર્ઘકાળ સુધી ટકાઉ ગુણવત્તા માટે જાણીતી રહી છે. પરંપરાગત રીતે ઘરઆંગણે થતા લઘુઉદ્યોગરૂપે વિકસેલા જરી વ્યવસાયમાં પેઢી દર પેઢી કારીગરોએ પોતાની કુશળતા અને અનુભવનો નિચોડ આપ્યો છે. સમયાંતરે ટેક્નોલોજી અને ફેશનમાં ફેરફાર થવા છતાં જરીઉદ્યોગે પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખ્યું છે. આધુનિક યુગમાં પરંપરાગત કળા અને આધુનિક ડિઝાઈનના સંયોજનથી જરીઉદ્યોગ ફરી નવી ઓળખ મેળવી રહ્યો છે. જૈ ટેગ મળવાથી સુરતની જરીને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે, અને આ પરંપરાગત હસ્તકળાના સંરક્ષણ અને સંવર્ધનને નવી દિશા મળી છે

(ખાસ લેખઃમેહુલ વાંઝવાલા)

---

# કોંગ્રેસે હોદેદારોની નિમણુંકમાં ભરતસિંહ સોલંકીના જુથનો કર્યો સફાયોઃ સોલંકી ભલે મારા સગા હોય પરંતુ ચુંટણી જીતવી મારો ધરમ છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મનપા સહિત સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ કોંગ્રેસમાં ડખા શરૂ થઈ ગયા છે, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સહિતના અમુક જુના નેતાઓનો સફાયો બોલાવી દેવાની તેવા સંકેત ઉઠયા છે. તેની અસર ચુંટણીની ટીકીટો સુધી પડે તેવી શકયતા જોવાઈ રહી છે. પ્રદેશ પ્રમુખના નજીકના સુત્રોના કહેવા પ્રમાણે સોલંકી ભલે મારા સગા હોય પરંતુ આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અને વિધાનસભાની ચુંટણીઓ જીતવી મારા ધરમમાં છે.

ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવવાની છે ત્યારે વિપક્ષ કોંગ્રેસમાં ફરી એકવાર આંતરીક યાદવાસ્થળી ચરમસીમાએ પહોચી ગઈ છે. હાઈકમાન્ડે આ વખતે કડક વલણ અપનાવી નિષ્ક્રિય નેતાઓને પડતા મુકવાનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. સુત્રોના કહેવા પ્રમાણે કોંગ્રેસ હાઈકમાન્ડે ગુજરાતના નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જે નેતાઓ માત્ર નામ પુરતા પદ પર છે તેમને સંગઠનથી દુર રાખવામાં આવે. આ નવી રણનીતીને પગલે પ્રદેશ પ્રમુખ અને હાઈકમાન્ડની ટીમે સંગઠન પર પોતાની પકકડ મજબુત કરવાનુ શરૂ કર્યુ છે. આ આંતરીક ખેંચતાણમાં સૌથી વધુ નુકશાન પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના જુથને થયુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. ભરતસિંહ સોલંકીએ તાલુકા પ્રમુખો અને સ્થાનિક સંગઠન માટે આશરે ૧૫ જેટલા નામોની યાદી આપી હતી. પણ સંગઠનની નવી નિમણુંકોમાં આ યાદીમાંથી એકપણ વ્યકિતને સ્થાન મળ્યુ નથી. જેને લઈ સોલંકી જુથનો હાઈકમાન્ડે સફાયો કર્યો છે. દરમિયાન ગુજરાત કોંગ્રેસમાં સાઈડ લાઈન થયેલા નેતાઓ હવે લાઈમ લાઈટમાં આવવા માટે પોતાની તાકાતનો પરીચય કરાવવા માટે શકિતપ્રદર્શનના સહારે આગળ વધી રહ્યા છે. જો કે બીજી તરફ કેટલાક એવા પણ નેતાઓ છે જેઓ હવે થાકીને ચંચુપાત કરવાનુ બંધ કરી શાંત બેસી ગયા છે. જયારે ચુંટણીઓ માથે હોય ત્યારે જુથબંધી પક્ષને જીત અપાવવાને બદલે હાર તરફ દોરી જાય છે. હાઈકમાન્ડનો ઈરાદો સંગઠનને નવુ લોહી પુરૂ પાડવાનો છે પણ જુના જોગીઓની નારાજગી વધી છે.

---

લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઉકેલ માટે ૨૬ ફેબ્રુઆરીએ યોજાશે જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ

# મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ સ્વાગત હેઠળ ૨૬ ફેબ્રુ.એ ફરીયાદ નિવારણઃ ૧૦ ફેબ્રુ. સુધી અરજીઓ મંગાવવામાં આવી

પ્રતિનિધિ,ગાંધીનગર




મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળ યોજાતો રાજય વ્યાપી સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ આગામી તારીખ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ યોજાનાર છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરીકોના વહિવટી પ્રશ્નો અને ફરીયાદોનો ટેકનોલોજીના માધ્યમથી ઝડપી અને સંતોષકારક ઉકેલ લાવવાનો છે. સામાન્ય જનતા પોતાની રજુઆતો સીધી વહિવટી તંત્ર સમક્ષ મુકી શકે તે માટે આ એક સબળ માધ્યમ છે. જે નાગરીકો પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેમણે ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં પોતાની લેખિત ફરીયાદ સંબંધીત કચેરીએ જમા કરાવવાની રહેશે. અરજીના મથાળે જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ એવુ સ્પષ્ટપણે લખવુ જરૂરી છે. નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓનો તે માસના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી. આ કાર્યક્રમ ૨૬ ફેબ્રુઆરી (ચોથા ગુરૂવારે) સવારે ૧૧ કલાકથી પ્રશ્નોના નિરાકરણ સુધી ચાલશે. સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતા પહેલા અરજદારે જે તે વિભાગની કચેરીમાં અગાઉ રજુઆત કરેલી હોવી જોઈએ. અને જો તે અનિર્ણિત હોય તો જ અહીં અરજી કરી શકાશે. ખાસ નોંધવુ કે કોર્ટ મેટર, સેવાકીય બાબતો, પેન્શન કે રહેમરાહે નોકરી જેવા વિષયો આ કાર્યક્રમમાં ગ્રાહય રાખવામાં આવશે નહી. અરજી સાથે અગાઉ કરેલી રજુઆતોના પુરાવા જોડવા ફરજીયાત છે. જેથી અધિકારીઓ પ્રશ્નની ગંભીરતા સમજી શકે.

આ કાર્યક્રમમાં પારદર્શિતા જળવાય તે હેતુથી અરજદારે પોતે જ રૂબરૂ હાજર રહીને રજુઆત કરવાની રહેશે. વકીલ કે અન્ય પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી રજુઆત સ્વીકારવામાં આવશે નહી. વધુમાં એક અરજદાર માત્ર એક જ વિષય પર રજુઆત કરી શકશે અને સામુહિક પ્રશ્નો કે અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહી. આ શિસ્તબધ્ધ પ્રકીયા દ્વારા વહિવટી તંત્ર દરેક વ્યકિતગત ફરીયાદ પર પુરતુ ધ્યાન આપી શકશે.

---

વિશ્વ કેન્સર દિવસ-૨૦૨૬

# આ વર્ષે વિશ્વ કેન્સર દિવસની થીમઃ "United by Unique"

## આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં ૩૦ વર્ષથી વધુ ઉમરના ૦૩ કરોડથી વધુ વ્યક્તિઓની મોંઢાના કેન્સર, ૧.૬ કરોડથી વધુ મહિલાઓની સ્તન કેન્સર તેમજ ૮૨ લાખથી વધુ મહિલાઓનું સર્વાઈકલ કેન્સરનું સ્ક્રીનિંગ કરાયું

દર વર્ષે ૦૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નાગરિકોમાં કેન્સર વિશે જાગૃતિ વધારવાનો અને આ રોગ સામે લડવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસોને વધુ મજબૂત બનાવાનો છે. કેન્સર આજે વિશ્વભરમાં મૃત્યુના મુખ્ય કારણોમાં એક છે. નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ મુજબ, દેશમાં વર્ષ-૨૦૨૫માં કેન્સરના અંદાજિત ૧૪ લાખથી વધુ કેસ નોંધાયા હતા. દરેક વ્યક્તિની કેન્સર સામેની લડત વ્યક્તિગત, અલગ અને અનન્ય હોય છે. આ વર્ષે વિશ્વ કેન્સર દિવસની થીમ **"United by Unique"** છે. જે વ્યક્તિ કેન્દ્રિત કેન્સર સંભાળના મહત્વ પર ભાર મૂકે છે, જે દર્શાવે છે કે, કેન્સરથી પીડિત દરેક વ્યક્તિને સંવેદનશીલ, સમાન અને કરુણાસભર સારવાર મળવી આવશ્યક છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં કેન્સરની બિમારી એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે. જીવનશૈલી, પર્યાવરણીય અને આનુવંશિક પરિબળોના કારણે મોંઢાના કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં ૩૦ વર્ષથી વધુ ઉમરના ૦૩ કરોડથી વધુ વ્યક્તિઓની મોંઢાના કેન્સર, ૧.૬ કરોડથી વધુ મહિલાઓની સ્તન કેન્સર તેમજ ૮૨ લાખથી વધુ મહિલાઓનું સર્વાઈકલ કેન્સરની સ્ક્રીનિંગ કરાયું છે. કેન્સરના રોગની સમયસર તપાસ, નિયમિત સ્ક્રીનિંગ અને આરોગ્યદાયક જીવનશૈલી અપનાવવાથી કેન્સર રોગના પરિણામોમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે, જેના પરિણામે અનેક જીવ બચાવી શકાય છે. વૈશ્વિક સ્તરે દર વર્ષે લગભગ એક કરોડ નાગરિકો કેન્સરથી મૃત્યુ પામે છે, જ્યારે ભારતમાં દર વર્ષે અંદાજિત આશરે ૧૪ લાખ નવા કેસ નોંધાય છે. **ICMR–NCDIR**ના અહેવાલ મુજબ ગુજરાતમાં પુરુષોમાં ૦૯ માંથી ૦૧ અને મહિલાઓમાં ૧૨ માંથી ૦૧ મહિલાને જીવનકાળ દરમિયાન કેન્સર થવાનું જોખમ હોય છે. પુરુષોમાં તમાકુ સંબંધિત કેન્સર અને મહિલાઓમાં સ્તન તથા સર્વાઈકલ કેન્સર વધુ પ્રમાણમાં જોવા મળે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા કેન્સરના નિયંત્રણ માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે, જે અંતર્ગત તમાકુ મુક્તિ અભિયાન, સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ અને જરૂરી રસીકરણ તેમજ સમુદાય જાગૃતિ અભિયાન અંગે રાજ્ય સરકાર સક્રિય રીતે કામગીરી કરી રહી છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે **GCRI**- ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સાથે **MoU** કરીને **"Training of Trainers"** કાર્યક્રમ શરૂ કર્યો છે. જેમાં ગાયનેકોલોજિસ્ટ, સર્જન, ડેન્ટિસ્ટ, કમ્યુનિટી મેડિસિન નિષ્ણાતો તથા મેડિકલ ઓફિસરોને માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર કરવામાં આવી રહ્યા છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કેન્સર સ્ક્રીનિંગ સુલભ બનાવવા **"Training of Trainers"** કાર્યક્રમ હેઠળ અંદાજિત ૪૦૦થી વધુ નિષ્ણાંતો દ્વારા રાજ્યભરના ૩૭,૦૦૦થી વધુ ફ્રન્ટલાઈન આરોગ્ય કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા પેટા આરોગ્ય કેન્દ્ર થી લઈને મેડીકલ કોલેજ તેમજ અન્ય સરકારી સંસ્થાઓમાં મોંઢાના, સ્તન અને સર્વાઈકલ કેન્સરની વહેલી ઓળખ માટે સ્ક્રીનિંગ કાર્યક્રમો રાજયમાં અમલી બનાવવામાં આવ્યા છે. જિલ્લાકક્ષાના હોસ્પિટલોમાં ડે-કેર કીમોથેરાપી સેન્ટરો દ્વારા દર્દીઓને પોતાના જ જિલ્લામાં સારવાર ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત **GCRI** અને તેના સેટેલાઈટ સેન્ટરો દ્વારા **OPD**, તપાસ, સર્જરી, રેડિયોથેરાપી તથા કીમોથેરાપીની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

- પ્રિન્સ ચાવલા

---

# અમદાવાદ–તિરુચિરાપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ પરિવર્તિત માર્ગથી ચાલશે

દક્ષિણ રેલવેના ચેન્નઈ એગ્મોર **(MS)** સ્ટેશન પર પુનર્વિકાસ કાર્ય માટે ૬૦ દિવસનો બ્લોક લેવામાં આવ્યો છે, જેના કારણે અમદાવાદ–તિરુચિરાપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગથી દોડશે. જેની વિગતો નીચે મુજબ છે :-

- ટ્રેન નંબર ૦૯૪૧૯ અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ સ્પેશિયલ ૦૫ ફેબ્રુઆરી થી ૦૨ એપ્રિલ ૨૦૨૬ સુધી પરિવર્તિત માર્ગ વાયા રેનિગુંટા-અરક્કોણમ નૉર્થ કેબિન-મેલપક્કમ-કાટપાડી-વેલૂર કેન્ટ-વિલ્લુપુરમના રસ્તે ચાલશે.

આ દરમિયાન આ ટ્રેન અરક્કોણમ,પેરમ્બૂર, ચેન્નાઈ એગ્મોર, તામ્બરમ અને ચેંગલપટ્ટૂ સ્ટેશનો પર નહીં જાય.

- ટ્રેન નંબર ૦૯૪૨૦ તિરૂચિરાપલ્લી-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૨૯ માર્ચ ૨૦૨૬ સુધી પરિવર્તિત માર્ગ વાયા વેલૂર કેન્ટ-કાટપાડી-મેલપક્કમ-અરક્કોણમ નૉર્થ કેબિન-રેનિગુંટાના રસ્તે ચાલશે.

આ દરમિયાન આ ટ્રેન ચેંગલપટ્ટૂ-તામ્બરમ અને ચેન્નાઈ એગ્મોર, પેરમ્બૂર, અરક્કોણમ સ્ટેશનો પર નહીં જાય.

- માર્ગ પરિવર્તન દરમિયાન આ ટ્રેનને તિરૂત્તણિ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

ધારાસભ્ય ચૈતર વસાવાની મુલાકાત બાદ જે પી ગ્રુપે કર્મચારીઓની માંગણીઓ સ્વીકારી

# જે પી ગ્રુપના કર્મચારીઓની હડતાલનો સુખદ અંત, AAP ધારાસભ્ય ચૈતર વસાવાની મધ્યસ્થતાથી સમાધાન

## પહેલી એપ્રિલથી તમામ કર્મચારીઓને કામના પ્રકાર અને સિનિયોરિટી પ્રમાણે પગાર વધારો આપવામાં આવશે: ચૈતર વસાવા

અમદાવાદ/નર્મદા/ગુજરાત

જે પી ગ્રુપના ૧૮૨ કર્મચારીઓ છેલ્લા ૧૫ દિવસથી હડતાલ પર હતા અને આજે ધારાસભ્ય ચૈતર વસાવાએ આ કર્મચારીઓની માંગણીઓ મુદ્દે મેનેજમેન્ટ સાથે ચર્ચા કરી અને મેનેજમેન્ટે સાતમાંથી છ માંગણીઓને તાત્કાલિક અસરથી માની છે અને પગાર વધારવાની છેલ્લી માંગણી ઝડપથી અમલમાં મુકાશે તેવી ખાતરી આપી છે. આ સમગ્ર બાબતે ધારાસભ્ય ચૈતર વસાવાએ વીડિયોના માધ્યમથી વિસ્તારપૂર્વક વાત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૩૦-૩૫ વર્ષથી લોકો પોતાની સેવા આપતા હતા, એ તમામ લોકો લેન્ડ લુઝર છે, જે લોકોની જમીનો સરદાર સરોવર યોજનામાં ગઈ છે. આ લોકોએ પોતાની સાત જેટલી માંગણીઓને લઈને અનેક વાર જે પી ગ્રુપના મેનેજમેન્ટ સાથે ચર્ચાઓ કરી હતી પરંતુ તેમની માંગણીઓ સ્વીકારવામાં ન આવતા તેમણે છેલ્લો નિર્ણય લીધો કે તેઓ હડતાલ કરશે.



૧૭ જાન્યુઆરીથી તેઓ હડતાલ પર છે અને એ દિવસે અમે પણ મુલાકાત લીધી હતી.

બીજા દિવસે અમે પણ મેનેજમેન્ટ સાથે વાત કરી પરંતુ જે પી ગ્રુપ દ્વારા મુદ્દાને નજરઅંદાજ કરવામાં આવ્યો અને આ આંદોલન આગળ વધ્યું. આ ૧૮૨ કર્મચારીઓના આંદોલનને ૧૫ દિવસથી વધારે સમય થયો અને આજે ફરી એકવાર મેનેજમેન્ટ સાથે અમે બેઠા અને સાત માંગણીઓમાંથી છ માંગણીઓ મેનેજમેન્ટે આજે સ્વીકારી લીધી છે અને જે સાતમી માંગણી પગાર વધારવાની હતી તેના માટે હાલ પૂરતા તેમણે ૬૨ લોકોની યાદી બનાવી છે અને એ ૬૨ લોકોને પ્રમોશનના ભાગરૂપે ઉપર લઈ જવાના છે અને બીજા ૨૦ થી ૨૫ લોકોને અપગ્રેડેશન આપવાના છે.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવતા કહ્યું હતું કે, મેનેજમેન્ટે કહ્યું છે કે પહેલી એપ્રિલથી તમામ કર્મચારીઓને તેમના કામના પ્રકાર પ્રમાણે અને સિનિયોરિટી પ્રમાણે પગાર વધારો કરી આપવામાં આવશે. સાથે જ જે પી કંપનીએ સરદાર સરોવર નિગમ સાથે રહીને પોતાના લેટર હેડ પર લેખિત બાંહેધરી આપી છે. માટે આંદોલનનું સુખદ નિરાકરણ આવ્યું એવું અમે માનીએ છીએ. સાથે સાથે મેં મેનેજમેન્ટને વિનંતી કરી છે કે જેટલા પણ દિવસો આ લોકો ધરણા પર હતા એટલા દિવસોનો આ લોકોને પગાર નહીં કપાય, તો મેનેજમેન્ટ એ પગાર વહેલો મોડો જમા કરવાની ખાતરી આપી છે. આંદોલનમાં જે પણ લોકોએ સહકાર આપ્યો એ તમામ લોકોનો આભાર માનીએ છીએ. જે કર્મચારીઓએ ધૈર્ય રાખીને આંદોલનને આગળ વધાર્યું એ તમામ કર્મચારીઓને પણ અભિનંદન આપીએ છીએ. અપેક્ષા રાખીએ છીએ કે મેનેજમેન્ટ આ કર્મચારીઓ સાથે પરિવારની જેમ વર્તે અને કર્મચારીઓ પણ નિષ્ઠા સાથે કામ કરે. અહીંયા આ ધરણાના કાર્યક્રમને સુખદ અંત આપીએ છીએ.

# સૌરાષ્ટ્રની પાલીતાણા, સિહોર, કોડીનાર, તળાજા, બાબરા, ધારી, સહિતની નગરપાલિકાઓમાં ખાલી પડેલી ચીફ ઓફીસરોની જગ્યા નિવૃત્તોથી ભરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં એકતરફ બેરોજગારીનુ પ્રમાણ વધી રહ્યુ છે. તો બીજી તરફ સરકાર રોજગારી આપવાને બદલે નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓ પાસે કામ લઈ રહી છે. ત્યારે સૌરાષ્ટ્રની નગરપાલિકાઓમાં ચીફ ઓફીસર જેવી અત્યંત મહત્વની ગણાતી જગ્યાઓ પર કોન્ટ્રાકટ બેઝ પર સરકારમાંથી નિવૃત્ત થયેલા અધિકારીઓની ભરતી કરવાનો નિર્ણય લીધો છે.




અ-વર્ગની પાલીતાણા, બ-વર્ગની સિહોર અને કોડીનાર, ક-વર્ગની તળાજા, બાબરા, ધારી, માણાવદર અને ડ-વર્ગ ની વલભીપુર નગરપાલિકાઓમાં ચીફ ઓફીસરની જગ્યાઓ ખાલી પડી છે. આ તમામ જગ્યાઓ ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પર ભરવા અને તેમાં નિવૃત્ત સરકારી અધિકારીઓને જ લાયક ગણવાનો નિર્ણય લેવાયો છે. સરકારના આ નિર્ણય મુજબ નિવૃત્ત મામલતદાર, નાયબ મામલતદાર, ડે.કલેકટર કક્ષાના અધિકારીઓ ઉપરાંત મહાનગરપાલિકા, હાઉસિંગ બોર્ડ, પાણી પુરવઠા બોર્ડ, જળ સંપત્તિ વિકાસ વિભાગ અને જિલ્લા પંચાયતો જેવી સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાં ફરજ બજાવી ચુકેલા નાયબ કાર્યપાલક ઈજનેરો, સીવીલ મીકેનીક વર્ગ-૨ અરજી કરી શકશે. ઉમેદવાર તરીકે પસંદ થયા પછી આવા અધિકારીઓને તેમના વર્ગ મુજબ અને જે તે નગરપાલિકાના સંવર્ગ મુજબ રૂપીયા ૩૦ હજાર થી માંડી રૂપીયા ૬૦ હજારનો વાર્ષિક પગાર નકકી કરવામાં આવ્યો છે. પગાર સિવાય અન્ય કોઈ પ્રકારના ભથ્થા કે લાભ આપવામાં નહી આવે. ચીફ ઓફીસર ની જગ્યા માટે અરજી કરનાર ઉમેદવાર ની વય મહત્તમ ૬૨ વર્ષની નકકી કરવામાં આવી છે. ખાતાકીય તપાસ ચાલુ હોય તેવા નિવૃત્ત સરકારી કર્મચારીઓ અરજી કરી શકશે નહી. અરજી સાથે છેલ્લા ૫ વર્ષના સરકારી કર્મચારી તરીકેના જે તે વખતના કોન્ફિડન્સીયલ રીપોર્ટ (સીઆર) અથવા તેનુ સર્ટીફીકેટ રજુ કરવાનુ રહેશે. તારીખ ૧૦ ફેબ્રુઆરી સુધીમાં નગરપાલિકાઓ કચેરીના પ્રાદેશિક નિયામક ભાવનગર ઝોન, મહાત્માં ગાધી સદન મોતીબાગ ખાતે અરજી મોકલવાની રહેશે. જો તારીખ ૧૦ ફેબ્રુઆરી સુધીમાં પુરતા પ્રમાણમાં અરજીઓ નહી આવે અને ઈન્ટરવ્યુ પછી પણ જગ્યાઓ ખાલી રહેશે તો તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી અરજીઓ કરી શકાશે તેવુ જણાવવામાં આવ્યુ છે.

# ટંકારામાં ખેડુતોનો હુંકાર: ૨ કરોડ આપો અને ખેતરમાં થાંભલો નાખો: જિગ્નેશ મેવાણીએ કરી ગર્જના

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ના વિવિધ જિલ્લાઓમાં ખેતરોમાંથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈનો અને તેના નજીવા વળતર સામે ખેડુતોનો આક્રોશ હવે ચરમસીમાએ પહોચ્યો છે. ટંકારા ખાતે યોજાયેલી ખેડુતોની વિશાળ મહાસભામાં કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને ખેડુત નેતા પાલ આંબલીયાએ સરકાર અને ખાનગી વીજ કંપનીઓની આકરી ઝાટકણી કાઢી હતી. ખેડુતોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જો યોગ્ય વળતર નહી મળે તો એકપણ ખેતરમાં નવો વીજ પોલ નાખવા દેવામાં આવશે નહી. ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પોતાના સંબોધમાં ઉદ્યોગપતિઓ અને સરકાર વચ્ચેની મીલીભગત પર પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે રાજયમાં વિજળી સરપ્લસ હોવા



છતાં સરકાર ઉદ્યોગપતિઓના ફાયદા માટે ખેડુતોની જમીનનો ભોગ લઈ રહી છે. આપણે જ્ઞાતિ જાતિમાં વહેંચાયા વગર એક જ વાત કરવાની છે કે ૨ કરોડ આપો અને ખેતરમાં થાંભલો નાખો, મેવાણીએ આ મુદ્દાને આગામી દિવસોમાં વિધાનસભામાં પણ ઉઠાવવાની ખાત્રી આપી છે, તો બીજી તરફ ખેડુત નેતા પાલ આંબલીયાએ આંદોલનની રણનીતી સ્પષ્ટ કરતા કહ્યુ કે ખેડુતોની જાગૃતિને કારણે વીજ કંપનીઓ હવે નમી રહી છે. અગાઉ જે કંપનીઓ એક થાંભલાના માત્ર ૫ થી ૬ લાખ રૂપીયા આપતી હતી તે હવે ૨૫ લાખ સુધીની ઓફર કરી રહી છે. પરંતુ ખેડુતો હવે તેનાથી સંતુષ્ટ નથી.

તેમણે આક્ષેપ કર્યો હતો કે પોલીસ તંત્ર દ્વારા અન્ય જિલ્લાઓમાંથી આવતા ખેડુતોને રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા છે જે સરકારના ડર ને દર્શાવે છે. ટંકારાથી મોરબી કલેકટર કચેરી સુધી નીકળનારી ટ્રેકટર રેલી અંગે પાલ આંબલીયાએ જણાવ્યુ હતુ કે જો પોલીસ મોરબી શહેરમાં પ્રવેશની મંજુરી નહી આપે તો તેઓ શહેરની બહાર ટ્રેકટરો રાખીને કચેરીમાં પહોચશે. જો ત્યાં પણ રોકવામાં આવશે તો ખેડુતો હાઈવે પર જ ઉપવાસ આંદોલન શરૂ કરશે. આ આંદોલનમાં કચ્છ, બનાસકાંઠા, પાટણ અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાના ૩૫૦ થી વધુ ખેડુતો અંદાજે ૨૦૦ ટ્રેકટરો સાથે જોડાયા છે. મહાસભાના અંતે ખેડુત આગેવાનો એ હિંમતપૂર્વક એલાન કર્યુ હતુ કે જો સરકાર શાનમાં નહી સમજે અને બજાર ભાવના ચાર ગણુ વળતર નહી આપે તો આગામી દિવસોમાં આ આંદોલન ગાંધીનગર વિધાનસભા સુધી લઈ જવામાં આવશે. ખેડુતોની મુખ્ય માંગણી છે કે ખેતરોમાંથી પસાર થતી લાઈનોને કારણે જમીનના ભાવ ઘટે છે અને ભવિષ્યમાં ત્યાં કોઈ બાંધકામ કરી શકાતુ નથી. તેથી તેનુ કાયમી અને યોગ્ય વળતર મળવુ અનિવાર્ય છે.

# અમદાવાદ એએમસી ના ૧૭ કરોડના ધુમાડા છતાં મુલાકાતીઓ ઘટયા: હવે પાપ ધોવા અધિકારીઓએ ફુલ છોડ વેચવા કાઢયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરમાં ચાલુ વર્ષે યોજાયેલો ફલાવર શો એક તબકકે ફલોપ શો સાબિત થયો છે. મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા ગત વર્ષની સરખામણીએ રૂપીયા ૨ કરોડ વધારે ખર્ચીને શો ના દિવસો લંબાવ્યા હોવા છતાં કુલ મુલાકાતીઓની સંખ્યામાં ૨ લાખનો જંગી ઘટાડો નોંધાયો હતો. આ આર્થિક અને આયોજનબધ્ધ નિષ્ફળતા પર ઢાંકપીછોડો કરવા માટે હવે અધિકારીઓએ ફલાવર શો ના લાખો ફુલ છોડ વેચવા કાઢયા છે. જેણે શહેરમાં નવી ચર્ચા જગાવી છે.



મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા ૧૭ કરોડના ખર્ચે ૨૯ દિવસ ચાલેલા આ શો માં ૪૮ પ્રજાતિના ૧૦ લાખ થી વધુ ફુલછોડ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જો કે માત્ર ૧૧ લાખ લોકો જ આ શો નિહાળવા આવતા તંત્રની ગણતરીઓ ઉંધી પડી છે. હવે ટીકા થી બચવા માટે અધિકારીઓએ શહેરની ચાર મુખ્ય નર્સરીઓ રસાલા (લો ગાર્ડન, સૌરભ (મેમનગર), વિશ્વકર્મા(ચાંદખેડા) અને સાયન્સ સીટી નર્સરી પર થી આ રોપાઓનુ વેચાણ શરૂ કર્યુ છે. આ ફુલછોડની કિંમત રૂપીયા ૬ થી માંડીને રૂપીયા ૨૩૫ પ્રતિ છોડ નકકી કરવામાં આવી છે. જો કે આયોજનમાં એક મોટો પેચ એ છે કે જો જનતા દ્વારા આ વેચાણને નબળો પ્રતિસાદ મળશે તો પ્રજાના પૈસે ખરીદાયેલા આ કિંમતી છોડ શહેરના ૧૯૧ કાઉન્સિલરો અને મ્યુનિસીપલ ના વર્ગ ૧ થી ૩ ના અધિકારીઓના આંગણામાં રોપી દેવામાં આવશે. આ જડબેસલાક આયોજન દ્વારા પદાધિકારીઓને ખુશ કરવાની પેરવી કરવામાં આવી રહી હોવાનુ ચર્ચાય છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે એક તરફ નર્સરીઓ પર વેચાણ શરૂ થઈ ગયુ છે. તો બીજી તરફ કોર્પોરેશનના સત્તાધીશો આ સમગ્ર આયોજનથી પોતે અજાણ હોવાનુ જણાવી રહ્યા છે. પ્રજાના ટેક્ષના કરોડો રૂપીયાના ખર્ચે લાવવામાં આવેલા ફુલો હવે નેતાઓના બગીચાઓની શોભા વધારશે તેવા અહેવાલોથી સામાન્ય નાગરીકોમાં રોષ જોવા મળી રહ્યો છે. હાલ તો તંત્ર એવો બચાવ કરી રહ્યુ છે કે આ રોપાઓને ડીવાઈડરો અને જાહેર બગીચાઓમાં પણ ગોઠવવામાં આવ્યા છે. શહેરની જનતા માટે લવાયેલા આ છોડ હવે કયા શ્રીમંતો ના ઘરે પહોચશે તે હવે જોવુ રહ્યું, નિષ્ણાંતોના મતે જો યોગ્ય પ્લાનીંગ હોત તો આ ફુલછોડનુ વિતરણ શાળાઓ અથવા જાહેર સંસ્થાઓમાં કરી શકાયુ હોત, પરંતુ અધિકારીઓએ પોતાની નિષ્ફળતા છુપાવવા માટે માત્ર આર્થિક આવક અને નેતાઓની ખુશામતનો રસ્તો અપનાવ્યો છે.

# અમદાવાદના સરદાર પટેલ રીંગરોડ પર ગમખ્વાર અકસ્માત: એટીએસ એએસઆઈનુ અકસ્માતમાં મોત: ટ્રકે ૧૦૦ મીટર ઢસેડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના સરદાર પટેલ રીંગરોડ પર અકસ્માતોનો સીલસીલો આજે પણ યથાવત છે. આજે મંગળવારે વહેલી સવારે ઝુંડાલ સર્કલ પાસે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં ગુજરાત એટીએસમાં આસિ. સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મીની ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. આ ઘટનાને પગલે પોલીસ બેડામાં શોકનુ મોજુ ફરી વળ્યુ છે.




મળતી માહિતી મુજબ એટીએસના એએસઆઈ પોતાની બાઈક લઈને એસપી રીંગ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ઝુંડાલ પાસે એક અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટકકર મારી હતી.

ટકકર એટલી પ્રચંડ હતી કે એએસઆઈ રોડ પર પટકાયા હતા અને કમનસીબે પાછળથી આવી રહેલા કોંક્રિટ ક્શર મશીનના ટાયર નીચે આવી ગયા હતા. આ ગંભીર અકસ્માતમાં તેમનુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને ટ્રાફીક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે મૃતક વ્યકિત પોલીસ વિભાગમાં અને તેમાં પણ એટીએસ જેવી મહત્વની શાખામાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલ ખસેડયો છે અને અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહન ચાલકની શોધખોળ આદરી છે.

આ અકસ્માતને પગલે એસપી રીંગ રોડ પર થોડા સમય માટે ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. હાલમાં સીસીટીવી ફુટેજના આધારે ટકકર મારનાર વાહનની ઓળખ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ફરજ પરના એક નિષ્ઠાવાન પોલીસ કર્મીના અકાળે અવસાનથી તેમના પરીવાર અને સાથી કર્મચારીઓમાં ભારે આઘાત જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે મૃતક એએસઆઈ અજીત નાંદે એટીએસમાં એમટી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. મૃતક અજીત નાંદે પોતાની ફરજ પુરી કરીને નરોડા ઘરે પરત જઈ રહ્યા હતા. તે સમયે તેમને અકસ્માત નડયો હતો. જેમાં તેમનુ ઘટનાસ્થળે મોત થયુ હતું. આ અકસ્માતની ઘટનામાં પ્રાથમિક તપાસમાં ડમ્પર ચાલકની કોઈ બેદરકારી ન હોવાનુ બહાર આવ્યુ છે. ટ્રાફીક પોલીસ દ્વારા સમગ્ર મામલે ફરીયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર પાટીદાર કેસમાં મોટા ભેદ બહાર આવ્યા: સટ્ટાબાજીથી શરૂ થયેલો ખેલ રૂષભ પટેલનો જીવ લઈ ગયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરના બિલ્ડરના ૨૫ વર્ષીય દિકરા રૂષભ પટેલના આપઘાત કેસમાં મોટો ભેદ બહાર આવી રહ્યો છે. પકડાયેલા આરોપી મહિપાલસિંહ રાઠોડ એક માત્ર આરોપી પકડાયો છે. બાકીના ૩ હજુ ફરાર છે. પરંતુ પોલીસ પુછપરછમાં મહિપાલસિંહે તમામ પોલ ખોલી દીધી હતી, જેમાં સમગ્ર મામલો સટ્ટા તરફ પહોચ્યો છે. ફરાર આરોપીઓમાં કલ્પેશ ઉર્ફે તલાટી અંબાલાલ પટેલ , મનિષ ઉર્ફે સ્પલેન્ડર સોમાભાઈ પટેલ , ક્રિશાલ ઉર્ફે વિક્રમ પટેલ ની શોધખોળ પોલીસે શરૂ કરી છે. રૂષભ પટેલના આપઘાત કેસમાં ચોંકાવનારી માહિતી બહાર આવી છે. જેમાં મહિપાલસિંહે ઘટસ્ફોટ કર્યો કે આ આત્મહત્યા પાછળ સટ્ટા બજારની ઉઘરાણી કારણભુત છે, માનસિક ત્રાસને કારણે રૂષભ પટેલ મરવા મજબુર બન્યો હતો. તેણે કહ્યુ કે રૂષભ પટેલ છેલ્લા દોઢ વરસથી પોતાની નાની સાથે રહેતો હતો. એ જ સોસાયટીમાં મહિપાલસિંહ પણ રહે છે, આ રીતે








બંનેની ઓળખ થઈ હતી. બંને એક જ પાન પાર્લર પર બેસવા જતા હતા, આ દરમિયાન મની સ્પલેન્ડર સાથે તેમની ઓળખ થઈ હતી. મહિપાલસિંહે વધુમાં જણાવ્યુ હતુ કે મનીષ સ્પલેન્ડર ભાજપના પૂર્વ કોર્પોરેટર તારાબેન પટેલનો પુત્ર છે, જે પોતાના આઈડી પરથી સટ્ટો રમાડતો હતો. રૂપીયા ની ઉઘરાણી પાર્લર પર થતી હતી, હાર જીતના પૈસા પણ ત્યાંજ મળતા હતા. આ માટે મહિપાલ પોતે મીડીયેટરની ભુમિકા ભજવતો હતો. મનીષના કહેવાથી જ મહિપાલે રૂષભ પાસે ઉઘરાણી કરી હતી.

હવે વાત એ છે કે રૂષભ પાસે પણ અડધા કરોડની રકમ આવી હતી. જેના બાદ રૂષભે પાન પાર્લર પર જવાનુ બંધ કરી દીધુ હતું. જેથીએ બધાએ ભેગા મળીને રૂષભને ટોર્ચર કરવાનુ શરૂ કર્યુ હતું. રૂષભે ગૃપમાં બધાના ફોન ઉપાડવાના બંધ કર્યા હતા. આ બાદ રૂપીયા માટે મનીષે મહિપાલ થકી રૂષભ સુધી વાત પહોચાડી કે રૂપીયા માટે નાના ચીલોડા મામા દેવના પાર્લર પર બોલાવાયો છે. તેથી રૂષભ ત્યાં ગયો હતો. જયાં મનીષ અને કલ્પેશ તલાટીએ તેને જાહેરમાં ગંદી રીતે માર માર્યો હતો. આ વાત લાગી આવતા રૂષભે મોત વ્હાલુ કર્યુ હતું. ચોંકાવનારી બાબત એ છે કે રૂષભ પટેલની પત્ની હેલી પણ તમામ આરોપીઓથી પરીચીત હતી. તેથી જ તેણે સ્યુસાઈડ નોટમાં પત્ની પાસે ન્યાય અપાવવાની આશા વ્યકત કરી હતી. તો એક આરોપી કલ્પેશ સાણંદનો તલાટી હોવાનુ પણ તપાસમાં બહાર આવ્યુ છે. બિલ્ડરના પુત્ર રૂષભ પટેલનો આપઘાતના મામલામાં રૂષભ પટેલના ઘરે મોડી રાત્રે સમાજના આગેવાનો એકઠા થયા હતા. આરોપીઓને કડક સજા થાય તે માટે બેઠક યોજાઈ હતી. સમાજમાં આવા કિસ્સાઓ ફરી ન બને તે માટે ચર્ચા કરવામાં આવી હતી. સમાજના દિકરાઓ ખોટા રસ્તે જતા હોય તો પાછા વાળવા માટે કહેવામાં આવ્યુ. આ માટે સમાજના લોકો દ્વારા જાગૃતતા માટે એક ગૃપ બનાવવામાં આવ્યુ છે. રૂષભ પટેલને ન્યાય અપાવવા માટે કેન્ડલ માર્ચનુ આયોજન કરાયુ છે. આગામી તારીખ ૫ ફેબ્રુઆરીએ કેન્ડલ માર્ચ યોજાશે. રૂષભ પટેલ માટે ન્યાય ની માંગ સાથે કેન્ડલ માર્ચ નિકળશે. આત્મહત્યા દુષ્પ્રેરણા કેસમાં અત્યાર સુધી એક આરોપીની ધરપકડ થઈ છે. જયારે ૩ આરોપી ફરાર છે. હાલ ગાંધીનગર પોલીસ તપાસ કરી રહી છે.

# અમદાવાદ મનપામાં ચુંટણીનો ધમધમાટ શરૂ: ૧૬ હજાર થી વધુ ઈવીએમ મશીનોનુ ચેંકીગ શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા અમદાવાદમાં મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીના પડઘમ વાગવા માંડયા છે. વહિવટી તંત્ર દ્વારા ચુંટણીલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપવાની પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે. ખાસ કરીને ચુંટણીમાં સૌથી મહત્વના ગણાતા ઈવીએમ (ઈલેકટ્રોનીક વોટીંગ મશીન) ની ચકાસણીની પ્રક્રિયા હવે પુરજોશમાં શરૂ થઈ ગઈ છે. બેંગ્લોરના ઈજનેરોની દેખરેખ હેઠળ તપાસ શરૂ થઈ ગઈ છે. ચુંટણી પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની ટેકનીકલ ખામી ન રહી જાય તે માટે બેંગ્લોર થી ૧૦ કુશળ ઈજનેરોની ખાસ ટીમ અમદાવાદ આવી પહોચી ગઈ છે.



આ ટીમની દેખરેખ હેઠળ અંદાજે ૧૬ હજાર જેટલા ઈવીએમ મશીનોનુ જીણવટભર્યુ ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે. આ કામગીરી આગામી ૮ ફેબ્રુઆરી સુધી અવિરત ચાલુ રહેશે. જેમાં મશીનના દરેક ફંકશનની ચકાસણી કરવામાં આવશે. ચુંટણીમાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય અને મતદારોનો ભરોસો કાયમ રહે તે માટે મનપા તંત્ર દ્વારા ખાસ વ્યુહરચના ઘડવામાં આવી છે. તંત્રના જણાવ્યા અનુસાર ઈવીએમ મશીનોને એક કે બે વાર નહી પરંતુ ૩ વાર ચેક કરવામાં આવશે. આ મલ્ટીલેયર ચેકીગનો હેતુ મતદાનના દિવસે મશીન ખોટકાવવાની કે અન્ય કોઈપણ ક્ષતિની શકયતાને શુન્ય કરવાનો છે. ઈવીએમ ચેકીંગની આ પ્રક્રિયા જે તે નિયત સ્ટ્રોગ રૂમ કે સેન્ટર ખાતે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે કરવામાં આવી રહી છે. ઈજનેરો દ્વારા ફર્સ્ટ લેવલ ચેકીંગ (એફએલસી) ની પ્રક્રિયા પુર્ણ થયા બાદ મશીનોને સીલ કરવામાં આવશે. અમદાવાદ મનપાની આ ચુંટણી શહેરના ભાવી વિકાસ માટે ખુબ મહત્વની મનાઈ રહી છે. ત્યારે તંત્રની આ સક્રિયતા સુચવે છે કે ગમે ત્યારે ચુંટણીની તારીખોનુ એલાન થઈ શકે છે.

# કડીમાં નકલી વકીલ બનીને ફરતા બંટી બબલીનો પર્દાફાશ: વેપારીને રૂ.૩.૨૭ લાખમાં ઠગ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં અધિકારીઓથી લઈને કોર્ટના જજ સુધી નકલીની બોલબાલા વધી ગઈ છે. થોડા સમય સુધી આ પ્રકારના કિસ્સા પ્રકાશમાં આવ્યા ન હતા. પણ હવે મહેસાણા જિલ્લાના કડીમાંથી નકલી વકીલ દંપત્તિનો પર્દાફાશ થયો છે. આ બંટી અને બબલીએ વેપારી સાથે ઠગાઈ કરી હોવાનો




બનાવ બનવા પામ્યો છે. હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના વકીલ તરીકે ઓળખ આપીને ઠગાઈ આચરી છે.

મળતી માહિતી અનુસાર મહેસાણા જિલ્લાના કડીમાં નકલી વકીલ દંપત્તિનો પર્દાફાશ થયો છે. હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના વકીલ તરીકેની ઓળખ આપીને લોકો સાથે ઠગાઈ કરતા આ દંપત્તિને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ બંટી બબલીએ કડીમાં નર્મદા કોમ્પલેક્ષમાં ઓફીસ ખોલી હતી. વેપારીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. વેપારીને ધમકી આપીને રૂપીયા ૩.૨૭ લાખ પડાવ્યા હતા. મિતેષ સાધુ અને ફાલ્ગુની સાધુ નકલી વકીલ બનીને વેપારીને ઠગ્યો હતો. ડીગ્રી વિના જ એડવોકેટ રાવલ બનીને ફરતા હતા. વેપારીને ઠગી આ બંટી બબલી ઓફીસને તાળુ મારીને ફરાર થઈ ગયા છે. કડી પોલીસે ગુન્હો નોંધી નકલી વકીલ દંપત્તિને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.